Letter No: COS/0072/01/2024 Dt: 06-01-2024

ક્રમાંક: COS/SEC/e-file/276/2023/2348/SECONDARY

કમિશનર શાળાઓની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર-૧૯,

ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ.

વિષય:- જ્ઞાન સહાયકોને મળવાપાત્ર રજાઓ બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગના તા.૦૫/૦૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક: ED/MSE/e-file/3/2023/4796/G

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામેલ જ્ઞાન સહાયકોને મળવાપાત્ર રજાઓ બાબતે શિક્ષણ વિભાગ દ્વારા સામાન્ય વહીવટ વિભાગ સાથે પરામર્શ કરતાં જ્ઞાન સહાયકોની નિમણૂક ૧૧ માસના કરારથી કરવામાં આવેલ હોય, સા.વ.વિ.ના તા.૧૧/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦/૨૦૧૭/ ૫૭૬૯૮૮/ખ.-૩ (નકલ સામેલ છે.) મુજબ **૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવતા કર્મચારીઓને આપવામાં આવેલ પરચુરણ રજા (જ્ઞાન સહાયકના કિસ્સામાં ૧૧ પરચુરણ રજા) ઉપરાંત અન્ય આકસ્મિક સંજોગો માટે ૧૧ ખાસ રજા અને મહિલા કર્મચારીઓને ૧ વર્ષ બાદના કરારના સમયગાળા પછી મહત્તમ ૯૦ દિવસની માતૃત્વ રજાના લાભો મળવાપાત્ર થાય તેમ અભિપ્રાય આપેલ છે.** જે બાબત ધ્યાને લઈ આપની કક્ષાએથી નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક

માધ્યમિક

ગુ.રા., ગાંધીનગર

---

ક્રમાંક: માધ્ય/ખ-૧/જ્ઞા.સ./રજા./૨૦૨૪/ ૪૪૩-૬૧૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
રાજકોટ. તા. ૬૭/૦૧/૨૦૨૪.

**ઇ-મેઇલ દ્વારા**

૨/- ઉક્ત પત્રની નકલ જાણ તથા અમલવારી કરવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

પ્રતિ,

- આચાર્યશ્રી, તમામ બિનસરકારી અનુદાનિત માધ્ય. અને ઉ.મા. શાળાઓ, જિ. રાજકોટ.

Signature valid
Signed by:Navnitchandra M. Maheta
Deputy Director
Date: 2024.01.06 13:56:38 +05:30

File No: COS/SEC/e-file/276/2023/2348/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

૧૧ માસના કરારના આધારે નિમણૂક પામેલ
કર્મચારીઓને લાભો મંજૂર કરવા બાબત .

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક : પરચ/૧૦/૨૦૧૭/૫૭૬૯૮૮/ખ.૩

સચિવાલય, ગાંધીનગર

તા.૧૧-૧૦-૨૦૧૭

આમુખ :-

રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ તથા ખાતાના વડા હેઠળની તાબાની કચેરીઓમાં ગ્રાન્ટ-ઇન-એઈડ સંસ્થાઓમાં, બોર્ડ-કોર્પોરેશન, નિગમની કચેરીઓમાં, સોસાયટી એક્ટ નીચે રજીસ્ટર થયેલ સંસ્થાઓમાં કોઈ પ્રોજેક્ટ/મિશન હેઠળ અથવા અન્ય કામગીરી માટે ૧૧ માસના કરાર આધારે કર્મચારીઓની નિમણૂકો કરવામાં આવેલી છે.

આ કર્મચારીઓની નિમણૂક સમયે કરારની શરતો નિયત કરવામાં આવેલ છે. છેલ્લા કેટલાક સમયથી તેઓને મળતા લાભોમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકારને વિવિધ રજૂઆતો મળેલ, જે રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે ૧૧ માસના કરારના ધોરણે નિમાયેલ કર્મચારીઓ ને નીચે મુજબના લાભો આપવાનો નિર્ણય કરેલ છે.

૧. મુસાફરી ભથ્થુ/દૈનિક ભથ્થુ

૧૧ માસના કરારના ધોરણે નિમણૂક પામેલ કર્મચારીની તેમની સબંધિત કચેરીના વડા ધ્વારા મંજૂર કરાયેલ મુસાફરી અન્વયે નીચે મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે.

| ક્રમ | માસિક ફિક્ષ પગાર | રોકાણનો સમયગાળો | મળવાપાત્ર દૈનિક ભથ્થુ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | રૂા ૨૦૦૦૦/- સુધી | ૬ કલાક થી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાણ હોય તો | રૂ. ૧૦૦/- |
| | | ૧૨ કલાકથી વધુ રોકાણ હોય તો | રૂા. ૧૫૦/- |
| | | મુસાફરી ખર્ચ | રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ/જો રેલવે ધ્વારા પ્રવાસ હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટુંકામાં ટુંકા રૂટનું ભાડુ મળવાપાત્ર થશે. |

| | | | |
|---|---|---|---|
| ૨ | રૂા ૨૦૦૦૧ થી ૪૦૦૦૦/- સુધી | ૬ કલાક થી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાણ હોય તો | રૂ. ૧૫૦/- |
| | | ૧૨ કલાકથી વધુ રોકાણ હોય તો | રૂા. ૨૦૦/- |
| | | મુસાફરી ખર્ચ | રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ/જો રેલવે ધ્વારા પ્રવાસ હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટુંકામાં ટુંકા રૂટનું ભાડુ મળવાપાત્ર થશે. |
| ૩ | રૂા ૪૦૦૦૧/- થી વધુ | ૬ કલાક થી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાણ હોય તો | રૂ. ૨૦૦/- |
| | | ૧૨ કલાકથી વધુ રોકાણ હોય તો | રૂા. ૨૫૦/- |
| | | મુસાફરી ખર્ચ | રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ/જો રેલવે ધ્વારા પ્રવાસ હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટુંકામાં ટુંકા રૂટનું ભાડુ મળવાપાત્ર થશે. |

૨. રજાઓ

(અ) કર્મચારીને મળવાપાત્ર પરચૂરણ રજાઓ ઉપરાંત અન્ય આકસ્મિક સંજોગો માટે વાર્ષિક ૧૧ રજાઓ વધારાની મળશે. આ રજા મંજૂર કરવા માટે સંબંધિત કચેરીના વડા સક્ષમ સત્તા ગણાશે.આ રજાના સમયગાળા દરમ્યાન નિયમોનુસાર પગાર મળવાપાત્ર થશે. આ રજાઓ કોઈપણ હેતુ માટે વાપરી શકાશે. જેને ખાસ રજા તરીકે ગણવાની રહેશે. આ રજાઓ આગામી વર્ષમાં કેરીફોરવર્ડ કરી શકાશે નહીં.

(બ) ૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવતા મહિલા કર્મચારીઓને ૧ વર્ષ બાદના કરારના સમયગાળા પછી મહત્તમ ૯૦ દિવસની માતૃત્વની રજાઓ (Maternity Leave) મળવાપાત્ર થશે. આ રજાઓ ૨ (બે) બાળકો પુરતી મર્યાદિત રહેશે. આ રજાઓ દરમ્યાન નિયમોનુસાર પગાર મળવાપાત્ર થશે. ૧ વર્ષના સમયગાળાની સેવાઓ પહેલા મેળવવામાં આવેલ માતૃત્વની રજાઓ બિનપગારી ગણવાની રહેશે. આ રજાઓ મંજૂર કરવા માટે કચેરીના વડા સક્ષમ સત્તા ગણાશે.

૩. અકસ્માત/કુદરતી મૃત્યુના કિસ્સામાં સહાય

૧૧ માસના કરાર આધારે ફરજ બજાવતા કર્મચારીનું ચાલુ નોકરી દરમ્યાન અકસ્માત /કુદરતી મૃત્યુ થાય તેવા કિસ્સામાં તેમના કુટુંબને (સીધી લીટીના કાયદેસરના વારસદારને) રૂા. ૨(બે) લાખ ની મૃત્યુ સહાય મળવા પાત્ર થશે.

૪. ૧૧ માસના કરારના ધોરણે ફરજ બજાવતા કર્મચારીઓના કિસ્સામાં (૧) જો કર્મચારી ધ્વારા કોઇ ગેરરીતિ/ગેરવર્તણૂંક થયેલ ન હોય (૨) નાણાકીય ઉચાપતના આક્ષેપો ન હોય (૩) જે યોજનામાં કામ કરતા હોય તે યોજના બંધ થતી ન હોય (૪) કર્મચારીએ સ્વૈચ્છિક રાજીનામુ; આપેલ ન હોય તો તેવા કર્મચારીના કિસ્સામાં ૧૧ માસના કરારનો સમય પૂર્ણ થાય ત્યારબાદ નિમણૂંકની મુદત લંબાવવા પાત્ર જણાય તેવા તમામ કિસ્સાઓમાં નિમણૂંક લંબાવવાના હુકમો વધુમાં વધુ ૧૫ દિવસની સમયમર્યાદામાં અચૂક પણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૫. આઉટસોર્સથી નિમણૂંક પામેલ કર્મચારીઓના કિસ્સામાં ઉકત લાભો મળવાપાત્ર થશે નહીં

૬. આ અંગેનો ખર્ચ જે તે યોજના અંતર્ગત સબંધિત વિભાગની બજેટની મર્યાદામાં કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૦/૧૦/૧૭ની નોંધ તથા સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે. આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ (મહેકમ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના :

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગ (ખાતાના વડા/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ.એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ તરફ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.
- સીલેક્ટ ફાઈલ.
- પત્ર દ્વારા